IDA/HENRI **ને લગતા પ્રશ્નો**

1. હું HENRI/IDA ગ્રાન્ટ પ્રોગ્રામ (Henri/Ida Grant Program) માટે ક્યાં/ક્યારે અરજી કરી શકું?
   - અરજી શુક્રવાર, 17 સપ્ટેમ્બર, 2021 ના રોજ સવારે 9 વાગ્યે (પૂર્વીય સમયે) ખુલશે. અરજી https://programs.ન્યૂ જર્સી ઈકોનોમીકસ ડેવલપમેન્ટ ઓથોરીટી (New Jersey Economic Development Authority, NJEDA).comપર ઉપલબ્ધ છે

2. શું ભાષાને લગતી સહાય ઉપલબ્ધ થશે?
   - ન્યૂ જર્સી ઈકોનોમીકસ ડેવલપમેન્ટ ઓથોરીટી (NEW JERSEY ECONOMIC DEVELOPMENT AUTHORITY, NJEDA) અંગ્રેજી અને સ્પેનિશ ભાષામાં ઓનલાઇન અરજી પૂરી પાડે છે.
     - ન્યૂ જર્સી ઈકોનોમીકસ ડેવલપમેન્ટ ઓથોરીટી (NEW JERSEY ECONOMIC DEVELOPMENT AUTHORITY, NJEDA) અરબી, ચાઇનીઝ (મેન્ડરિન અને કેન્ટોનીઝ), ગુજરાતી, હિન્દી, ઇટાલિયન, કોરિયન, પોલિશ, પોર્ટુગીઝ અને ટગાલોગ જેવી દસ વધારાની ભાષાઓ બોલનારાઓને સહાય આપવા માટે અરજદારોને દુભાષિયા સેવાઓની પેશકશ આપશે. અરજીની ભાષાના અનુવાદ કરેલા સંસ્કરણો અરજી ખુલવાની આગાઉથી ઉપલબ્ધ કરાશે.
     - એક વ્યાવસાયિક દિવસમાં અંદર કોલ મેળવવા માટે અરજદારો languagehelp@njeda.com નો સંપર્ક કરીને પોતાની પ્રાથમિક ભાષામાં વાતચીત કરતાં કર્મચારી તરફથી કોલ મેળવી શકે છે.

3. નીચેના પ્રશ્નો IDA/HENRI વ્યાપાર સહાય ગ્રાન્ટ કાર્યક્રમ માટે તમારી પ્રારંભિક યોગ્યતા નક્કી કરશે. કૃપા કરીને તેમની વિગતવાર સમીક્ષા કરો. આ પ્રશ્નોની સમીક્ષા કર્યા પછી કૃપા કરીને પ્રમાણિત કરો કે તમે જરૂરી પાત્રતાના તમામ પ્રશ્નોના જવાબ "હા" માં આપી શકો છો.
   જો તમે નીચેના નો જવાબ "હા" માં આપી શકતા નથી, તો કૃપા કરીને અરજી માટે આગળ વધશો નહીં કારણ કે તમારી અરજી નકારવામાં આવશે.

   **યોગ્યતાન માટેના પ્રશ્નો:**
   - શું તમારા વ્યવસાયનું ન્યુ જર્સી રાજ્યમાં ભૌતિક વ્યાપારી વ્યવસાય સ્થાન છે?
   - શું તમારા વ્યવસાયનું ભૌતિક વ્યાપાર માટેનું વ્યવસાયનું સ્થાન IDA/HENRI ના પરિણામે ભૌતિક નુકસાન પામેલ છે (ભૌતિક નુકસાનમાં પૂર, માળખાકીય નુકસાન, છતને નુકસાન વગેરેનો સમાવેશ થાય છે? ભૌતિક નુકસાનમાં માત્ર વીજળીનના નુકશાનનો સમાવેશ થતો નથી)?
   - શું તમે તમારી અરજી કરતા સમયે ભૌતિક નુકસાન (ફોટા, મરામતની ઇન્વોઇસ, વગેરે) ના પુરાવા આપી શકો છો?
   - શું તમારો વ્યવસાય 1 ઓગસ્ટ, 2021 ના રોજ કાર્યરત હતો?
   - શું તમે જે ભૌતિક વ્યાપારી વ્યવસાયના સ્થાનને નુકસાન થયું હોય તેના માટે $1,000 થી વધુ, ઓગસ્ટ 2021 ના ભાડાં અથવા ગીરો તરીકે ચુકવણી કરી હતી?
   - શું તમે તમારી અરજી કરતાં સમયે ભાડા/ગીરો ચુકવણી (ચુકવણીની નકલ) ના પુરાવા આપી શકો છો?
   - શું વ્યાપારી વ્યવસાયના સ્થાનને ભૌતિક નુકસાન અને વ્યવસાયમાં વિક્ષેપ (નુકશાનના કલાકો, વેચાણમાં નુકશાન, વગેરે) $1,000 થી વધુનું હતું?
   - તમારો વ્યવસાય વ્યાપારી વ્યવસાયિક કામગીરીનો છે અને તમે મકાનમાલિક અથવા તમારો વ્યવસાય ઘર આધારિત વ્યવસાય નથી?
   - મેં ઉપરોક્ત પ્રશ્નોની સમીક્ષા કરી છે અને પ્રમાણિત કરું છું કે મારો વ્યવસાય તેના અનુરૂપ પાત્ર છે કારણ કે હું ઉપરોક્ત **તમામ** પ્રશ્નોના જવાબ "હા" માં આપી શકું છું. જો અરજી/સમીક્ષા પ્રક્રિયા દરમિયાન, તે નિર્ધારિત કરવામાં આવે છે કે ઉપરોક્ત કોઈપણ પ્રશ્નોનો જવાબ "ના" છે તો તમારી અરજી નામંજૂર કરવામાં

આવશે. આ સ્વીકૃતિનો જવાબ આપીને, તમે આ નિવેદનને સમજો છો અને તેની સાથે આગળ વધવા માંગો છો.

4. મારા વ્યવસાયના અનુદાન પુરસ્કારની રકમ કેવી રીતે નક્કી થાય છે?
   - ગ્રાન્ટની ન્યૂનતમ રકમ $1,000 છે જ્યારે મહત્તમ ગ્રાન્ટ $5,000 સુધી હોય શકે છે, જે અરજદારની ઓછી જરૂરિયાત અથવા ભાડા/ગીરો ચુકવણી પર મર્યાદિત છે.

5. આ પ્રોગ્રામ માટે IDA/HENRI ને કારણે થયેલ ભૌતિક નુકસાન કેવી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે?
   - માળખાને નુકસાન (ભોંય તળિયા, દિવાલો, બારીઓ) જ્યારે આવા નુકસાન ઝડપી પવન, કાટમાળ અને/અથવા પરને કારણે ભૌતિક નકસાનનં સીધં પરિણામ છે
   - મશીનરી, સાધનો, ફિક્સર અને માલ સામાનના જથ્થાને નુકસાન - જ્યારે આવા નુકસાન ઝડપી પવન, કાટમાળ અને/અથવા પૂરને કારણે ભૌતિક નુકસાનનું સીધું પરિણામ છે

6. પ્રોગ્રામ માટે કયા દસ્તાવેજોની જરૂર પડશે?
   - નુકસાનના પુરાવા:
     - શક્ય હોય તો નુકસાન પહેલા અને નુકસાન પછીના સ્પષ્ટ ફોટોગ્રાફ્સ, જો શક્ય હોય તો ફોટોગ્રાફ્સમાં બિલ્ડિંગ/માળખાની ઓળખાણ કરાવતા પરિબળો પણ શામેલ હોવા જોઈએ. કોન્ટ્રાક્ટરના અંદાજ(એસ્ટીમટેસ) અને/અથવા ઇન્વૉઇસનો ઉપયોગ પણ નુકસાનના પુરાવા માટે થઈ શકે છે.
   - જરૂરી પુરાવા:
     - સમારકામનો અંદાજ, રસીદો
   - ભાડા/ગીરો ચુકવણીનો પુરાવો:
     - રદ કરેલા ચેકની નકલ, ઇલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફરની રસીદની નકલ.
       - લીઝ/ગીરોનો કરાર ચુકવણીના પુરાવા સાથે હોવો જોઈએ

7. પ્રોગ્રામ માટે વધારાની લાયકાત માટેની આવશ્યકતાઓ.

IDA/HENRI ગ્રાન્ટ પ્રોગ્રામ માટે લાયક બનવા માટે, અરજી કરનાર એકમોએ:

- 1 ઓગસ્ટ, 2021 થી અસ્તિત્વમાં હોવું અને કાર્યરત હોવું જોઈએ.
- અરજદારો દ્વારા ઓછામાં ઓછું $1,000 નું ઓગસ્ટ ભાડું/ગીરો ચુકવણી અને $1,000 થી વધુની અપૂર્ણ જરૂરિયાત (નુકસાન અથવા આવકમાં નુકશાન) હોવી આવશ્યક છે.
- ઓગસ્ટ 22-23, 2021 ના રોજ હરિકેન HENRI અને/અથવા સપ્ટેમ્બર 1-3, 2021 ના રોજ હરિકેન IDA દ્વારા થયેલ નુકશાનના પરિણામે તેમના વ્યાપારી સ્થાનને કાયમી ભૌતિક નુકસાન થયું છે.
- જો જરૂરી હોય તો માન્ય વ્યવસાય નોંધણી પ્રમાણપત્ર દ્વારા પુરાવા તરીકે, અરજી સમયે ન્યુ જર્સી રાજ્યમાં વ્યવસાય કરવા માટે નોંધાયેલ રહો. જો નાના અને મધ્યમ ઉદ્યોગો (Small and Medium Enterprises, SME) ને કરવેરા વિભાગ (Division of Taxation) દ્વારા માન્યતા આપવામાં આવી નથી, તો SME એ 1 ઓગસ્ટ, 2021 પહેલા રાજ્ય સાથે નોંધણીનો પુરાવો અને માન્ય વ્યાપાર નોંધણી પ્રમાણપત્ર (Business Registration Certificate, BRC) આપવું આવશ્યક છે. SME પાસે તે જરૂરિયાતને સંતોષવા માટે ઓથોરિટી તરફથી પ્રારંભિક સૂચનાથી 7 કેલેન્ડર દિવસ હશે. કરવેરા વિભાગ અથવા માન્ય BRC તરફથી વર્તમાન નોંધણી વાળા

સ્ટેટસ વિના કોઈપણ ગ્રાન્ટ કરાર કરવામાં આવશે નહીં. **એકમો તેમની નોંધણી અહીંથી ચકાસી શકે છે:** https://www1.state.nj.us/TYTR_BRC/jsp/BRCLoginJsp.jsp

- ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઓફ લેબર એન્ડ વર્કફોર્સ ડેવલપમેન્ટ (New Jersey Department of Labor and Workforce Development, LWD), ન્યુ જર્સી ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન સર્વિસીસ (New Jersey Department of Human Services, DHS) (જો અરજદાર DHS દ્વારા નિયંત્રિત હોય), ડિપાર્ટમેન્ટ ઓફ ચિલ્ડ્રન એન્ડ ફેમિલી (Department of Children and Families, DCF) (જો અરજદાર DCF દ્વારા નિયંત્રિત હોય), અને ન્યુ જર્સી ડિવિઝન ઓફ આલ્કોહોલિક બેવરેજ કંટ્રોલ (Alcoholic Beverage Control, ABC) (જો અરજદાર ABC દ્વારા નિયંત્રિત હોય) સાથે સારી રીતે જોડાયેલા રહો, તો અરજીના સમયે સંપૂર્ણ સ્વતંત્રતાથી, LWD, DHS, DCF, અને ABC મુજબ નિર્ધારિત.
- વ્યવસાયોની સૌથી તાજેતરની WR 30 ફાઇલિંગમાં 50 થી વધુ પૂર્ણ-સમય સમકક્ષ કર્મચારીઓ (Full-Time Equivalent, FTE) ન હોવા. FTEની ન્યૂ જર્સી ઈકોનોમીકસ ડેવલપમેન્ટ ઓથોરીટી (NEW JERSEY ECONOMIC DEVELOPMENT AUTHORITY, NJEDA) ની વ્યાખ્યા નીચેના પ્રશ્નમાં વિગતવાર છે.
- ન્યૂ જર્સી રાજ્યમાં ભૌતિક સ્થાન હોવું (દા.ત., ઓફિસ, વેચાણ માટે ભૌતિક જગ્યા, વેરહાઉસ, ઉત્પાદન સુવિધા, વગેરે). ઘર આધારિત વ્યવસાયો(ગૃહ ઉદ્યોગ) આ કાર્યક્રમ માટે પાત્ર નથી. આ કાર્યક્રમ માટે મકાનમાલિકો પણ પાત્ર નથી.
- ન્યુ જર્સી રાજ્ય અથવા ફેડરલ સરકાર દ્વારા સક્રિય રીતે બાકાત અથવા પ્રતિબંધિત ન થવું

8. ફુલ-ટાઇમ સમકક્ષ (FTE) શું છે?
   - એક FTE કર્મચારીએ ફુલ-ટાઇમ કર્મચારીઓ ને લઈને દ્વિધામાં ન રહેવું જોઈએ તે રાજ્યના માર્ગદર્શનથી અલગ છે. એક FTE તરીકે કર્મચારી લાયક બને છે કે નહીં તે કામ કરેલા અઠવાડિયાની સંખ્યા અને કરેલ કમાણી પર આધારિત છે. ન્યૂ જર્સી ઈકોનોમીકસ ડેવલપમેન્ટ ઓથોરીટી (NEW JERSEY ECONOMIC DEVELOPMENT AUTHORITY, NJEDA) નું ઓનલાઈન ગ્રાન્ટ એસ્ટીમટર તમને તમારા વ્યવસાયમાં FTE ની સંખ્યા નક્કી કરવામાં મદદ કરી શકે છે. આ ગ્રાન્ટ કાર્યક્રમના હેતુઓ માટે, ન્યૂ જર્સી ઈકોનોમીકસ ડેવલપમેન્ટ ઓથોરીટી (NEW JERSEY ECONOMIC DEVELOPMENT AUTHORITY, NJEDA) એ એકમોના સૌથી તાજેતરના (Q2 2021) WR 30 ફાઇલિંગના આધારે FTE કર્મચારીઓની સંખ્યા નક્કી કરી રહ્યું છે. તમારા FTE કર્મચારીઓની સંખ્યા નિર્ધારિત કરવા માટે કૃપા કરીને https://forms.business.nj.gov/grant-4/size/ ની મુલાકાત લો. નોંધ લો કે આનો ઉપયોગ FTE નિર્ધારિત કરવા માટે જ થવો જોઈએ નહીં કે ગ્રાન્ટની રકમ જાણવા માટે.
   - FTE કર્મચારીઓમાં 1099 સ્વતંત્ર ઠેકેદારોનો સમાવેશ થતો નથી

9. મારા વ્યવસાયને WR-30 (એકમાત્ર માલિકી, ભાગીદારી, એકલ-સભ્ય એલએલસી(Single-Member LLC), 1099 કોન્ટ્રાક્ટર, વગેરે) ફાઇલ કરવાની જરૂર નથી. શું મારો વ્યવસાય પાત્ર છે?
   - જો એકમ 1 ઓગસ્ટ, 2021 ના રોજ વ્યવસાયમાં હોય અને કાર્યરત હોય, તો તે જ એકમ રાજ્યમાં વ્યવસાય કરવા માટે સંપૂર્ણ અને યોગ્ય રીતે નોંધાયેલ છે, અને તે અન્ય તમામ પાત્રતા જરૂરિયાતોને પૂર્ણ કરે છે, તે પાત્ર હશે.
10. એક પેરોલ કંપની અથવા વ્યવસાયિક કર્મચારી સંસ્થા (પીઇઓ-PEO) મારા વ્યવસાયની WR-30 ફાઇલ કરે છે; શું મારો વ્યવસાય પાત્ર છે?
    - હા - ન્યૂ જર્સી ઈકોનોમીકસ ડેવલપમેન્ટ ઓથોરીટી (NEW JERSEY ECONOMIC DEVELOPMENT AUTHORITY, NJEDA) સમજે છે કે વ્યવસાયો તેમના વતી તેમના WR-30 ફાઇલ કરવા માટે PEO અથવા

સમાન પગારપત્રક પ્રદાતાઓનો ઉપયોગ કરે છે. આ પરિસ્થિતિઓમાં, પેરોલ કંપનીઓ અથવા PEOએ ન્યૂ જર્સી ઈકોનોમીકસ ડેવલપમેન્ટ ઓથોરીટી (NEW JERSEY ECONOMIC DEVELOPMENT AUTHORITY, NJEDA)ને કર્મચારી આઈડી અથવા નામ પ્રદાન કરવા આવશ્યક છે, અઠવાડિયામાં કામ કર્યું હતું અને વેતન WR-30 ના બંધારણ જેવું દસ્તાવેજીકરણ કરે છે, જે તેઓ તમારા વ્યવસાય વતી ફાઇલ કરે છે.

- તમારો વ્યવસાય ચકાસણી પ્રક્રિયા દરમિયાન આ દસ્તાવેજો પ્રદાન કરી શકે છે.

11. શું ધાર્મિક સંસ્થાઓ (ચર્ચો, મંદિરો, સભાસ્થાનો, વગેરે) અરજી કરવા માટે પાત્ર છે?
   - હા, જો કે, આવા એકમોએ મકાનના વિવિધ ઉપયોગો (ચર્ચો, મંદિરો, સભાસ્થાનો, વગેરે) વિશેના ચોક્કસ પ્રશ્નોના જવાબ આપવા જરૂરી રહેશે કે જેનું ગ્રાન્ટ ફંડ ભાડા અથવા ગીરો ચૂકવવા માટે વપરાય છે. ગ્રાન્ટ ફંડનો ઉપયોગ સ્વાભાવિક રીતે ધાર્મિક પ્રવૃત્તિઓ માટે કરી શકાતો નથી.

12. મારો વ્યવસાય નફો-કરવા-માટેની સંસ્થા નથી; શું મારી સંસ્થા પાત્ર છે?
   - જો તમારી સંસ્થા 501(c) બિન નફાકારક તરીકે આંતરિક મહેસૂલ સેવા (Internal Revenue Service, IRS) સાથે નોંધાયેલ છે, તો તમારી સંસ્થા પાત્ર હોઈ શકે છે, જો તમારી સંસ્થા અન્ય તમામ પ્રોગ્રામ પાત્રતા જરૂરિયાતોને પૂર્ણ કરે તો.

13. મારો વ્યવસાય બહુવિધ સ્થાનો એ છે; શું હું દરેક સ્થાન માટે અલગ અરજી આપી શકું?
   - અરજી માટે ફેડરલ રોજગાર ઓળખ નંબર (Federal Employment Identification Number, FEIN) દીઠ 1 અરજીની મર્યાદા છે. જો તમારો વ્યવસાય 5 અલગ FEIN ધરાવે છે, તો તમે 5 વખત અરજી કરવા માટે લાયક હશો, પરંતુ દરેક વ્યવસાય (તેની પોતાની FEIN સાથે) માટે અલગથી અરજી કરવી પડશે.
   - જો તમારો વ્યવસાય 1 FEIN સાથે 5 સ્થાનો પર છે, તો તમારો વ્યવસાય ફક્ત 1 ગ્રાન્ટ માટે પાત્ર છે અને તે એક FEIN હેઠળ માત્ર એક જ વાર અરજી કરી શકે છે.

   - મારો વ્યવસાય 5 જગ્યાએ છે. બધા 60 ફુલ-ટાઇમ સમકક્ષ (FTE) કર્મચારીઓ 1 FEIN હેઠળ નોંધાયેલા છે; શું હું મારા કર્મચારીઓને વિવિધ સ્થળોએ ફાળવી શકું છું?
     - કર્મચારીઓનું સ્થાન અરજીની યોગ્યતાને અસર કરતું નથી. તેથી, પ્રોગ્રામની સાઈઝને લગતી જરૂરિયાત પૂરી કરવા માટે વ્યવસાય કર્મચારીઓને અલગ-અલગ જગ્યાએ ફાળવી શકતો નથી.
     - ઉપર જણાવ્યું તેમ, એપ્લિકેશન એક FEIN પર આધારિત છે. આ ઉદાહરણમાં, અરજદાર લાયક રહેશે નહીં કારણ કે તે પ્રોગ્રામની મહત્તમ 50 FTE થી વધારે છે.

14. મારા વ્યવસાયમાં એક FEIN હેઠળ બહુવિધ સ્થાનો છે. મારા વ્યવસાયનું પ્રાથમિક સ્થાન શું માનવામાં આવે છે?
   - આ પ્રોગ્રામના હેતુઓ માટે, તમારું પ્રાથમિક વ્યવસાય સ્થાન તે સરનામું છે જ્યાં તમારા મોટાભાગના કર્મચારીઓ કાર્યરત છે. જો કોઈ એક સ્થાનમાં સૌથી વધુ કર્મચારી નથી કારણ કે બહુવિધ સ્થાનોમાં સમાન સંખ્યા હોય છે, તો તે સ્થાનોમાંથી પ્રાથમિક સ્થાન તે છે જે સૌથી વધુ આવક ઉત્પન્ન કરે છે. જો હજી પણ ઘણા સ્થળો છે જે માપદંડને પૂર્ણ કરે છે, તો પ્રાથમિક સ્થાન તે સ્થાન છે જે પહેલા ખોલ્યું હતું.

15. લાભની નકલ (DOB) શું છે?
   - જ્યારે કોઈ એકમ સમાન જરૂરિયાત માટે બહુવિધ સ્રોતોની સહાય મેળવે છે ત્યારે DOB (Duplication of Benefit) થાય છે. આવું થવાની એક રીત છે જો સહાયની સંચિત રકમ વ્યવસાયની જરૂરિયાતો કરતાં વધી

જાય. કોઈ DOB ને ટાળવા માટે, ન્યૂ જર્સી ઈકોનોમીકસ ડેવલપમેન્ટ ઓથોરીટી (NEW JERSEY ECONOMIC DEVELOPMENT AUTHORITY, NJEDA) સમાન જરૂરિયાત માટે અન્ય સહાયની રકમ દ્વારા ગ્રાન્ટની રકમ ઘટાડશે. જો કે, જો સહાયતા કરતા વધારે જરૂરિયાત હોય, તો ત્યાં કોઈ DOB નથી.